**અગત્યનું**

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૧/ ૬૦૧૯-૫૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તારીખ :-૨૯/૧૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
ગુજરાત રાજ્ય,

વિષય:- જાન્યુઆરી-૨૦૨૨માં લેવાનાર પ્રિલીમ પરીક્ષામાં ધોરણ-૧૦માં ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક આ બે પ્રકારના પ્રશ્નોપત્રોનો વિકલ્પ આપવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:- મશબ/૧૧૧૯/૮૫૭/છ, તારીખ ૧૪/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:- મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૭૮૦-૩૮૧૭ તારીખ 03/૦૮/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ (૧) દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવમા જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ધોરણ-૧૦મા ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નોપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) દર્શિત અત્રેની કચેરીના તારીખ 0૩/૦૮/૨૦૨૧ના પત્રથી જણાવ્યા મુજબ ગણિત સ્ટાન્ડર્ડ માટે અત્રેથી તારીખ ૦૪/૦૬/૨૦૧૯ના પત્ર ક્રમાંક:- મઉમશબ / સંશોધન / ૨૦૧૯ / ૨૦૪૬ /૮૦ થી મોકલવામાં આવેલ ધોરણ-૧૦નું ગણિત વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યૂપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ધોરણ-૧૦ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણવાનું રહેશે. આ ઉપરાંત સંદર્ભ (૨) દર્શિત પત્રની સાથે ગણિત બેઝિક માટે પ્રશ્નપત્ર પરિરૂપ,

ગુણભાર, બ્લ્યૂપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર જાણ તથા અમલ સારૂ મોકલી આપવામાં આવેલ છે.

તારીખ ૨૨/૧૧/૨૦૨૧ થી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટે ફોર્મ ભરવાની શરૂઆત થનાર છે. જેમાં વિદ્યાર્થીઓએ ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક આ બે માંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવાનો થાય છે. જે અંગેની સૂચનાઓ પરીક્ષાના ફોર્મ ભરવાની સૂચનાઓમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા અગાઉ જાન્યુઆરી-૨૦૨૨માં લેવાનાર પ્રિલીમ પરીક્ષામાં ધોરણ-૧૦ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક આ બે પ્રકારના પ્રશ્નોપત્રો પૈકી વિદ્યાર્થીએ પસંદ કરેલ વિકલ્પ મુજબ પ્રશ્નપત્ર આપવામાં આવશે. આ અંગેની જાણકારી આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ જણાવશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.